GJBN030012082023

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૪/૦૭/૨૦૨૩ |
| દાખલ તારીખ | : | ૦૪/૦૭/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | : | ૩૦/૦૬/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ / માસ / દિવસ | ૦૨ / ૧૧ / ૨૬ |

# ઘોઘાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ.ઘોઘા,જિ-ભાવનગર.

## શ્રી એ.એસ.ગોયલ-જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ

**ફોજદારી કેસ નંબર–૮૭૩/૨૦૨૩**

**જજમેન્ટ આંકઃ–...............**

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, એમ.વી.એક્ટ કલમ–૧૭૭,૧૮૪ |
| એફ.આઇ.આર.નં. | એ.પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૮૦૨૦૨૩૦૦૯૮/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | ઘોઘા પો.સ્ટે.,તા–ઘોઘા, જિ–ભાવનગર. |

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર**

ફરીયાદ પક્ષે વિ.મદદનીશ સરકારી વકીલશ્રી એચ.બી.યોગી.

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** (૧) **દીપકભાઇ નરશીભાઇ બારૈયા.**
ઉ.વ.૨૮, ધંધો–નોકરી.
રહે.હાથબ ગામ તા.જિ.ભાવનગર.

આરોપી તરફે વિ.વકીલશ્રી આર.એ.કુરેશી.

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૬/૦૨/૨૦૨૩ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૯/૦૨/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૪/૦૭/૨૦૨૩ |
| તહોમતનામા/પ્લી ની તારીખ | ૦૯/૦૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૫/૦૨/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(જો લાગુ પડે તો) | – |

:: આરોપીની વિગત ::

| આરોપ ીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | ગુન્હાનું તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દીપકભાઇ નરશીભાઇ બારૈયા. | – | – | ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૭,૩૩૮, એમ.વી.એક્ટ કલમ– ૧૭૭,૧૮૪ | નિર્દોષ છોડ્યા | – | – |

:: નમુનો–ક ::

**<u>ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી</u>**

અ.ફરીયાદ પક્ષના સાહેદ

| **અનુક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સા.૧ | ક્રિપાલસિંહ રતુભા ગોહીલ. | ૧૯ | ફરીયાદી. |
| ફ.સા.૨ | જયપાલસિંહ રમુભા ગોહીલ. | ૨૧ | સાહેદ. |

બ.બચાવ પક્ષના સાહેદ

| **અનુ ક્ર.** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| | | | |

કોર્ટના સાહેદ

| **અનુ ક્ર.** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| | | | |

**<u>ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી</u>**

અ.ફરીયાદ પક્ષના આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક –૨૦ | ફરીયાદ. |
| ૨. | આંક –૨૨ | સારવાર સર્ટી.કોળીયાક સી.એચ.સી. |
| ૩. | આંક –૨૩ | સારવાર સર્ટી.ભાવનગર. |
| ૪. | આંક–૨૪ | ક્લોઝીંગ પુરસીસ. |

બ.બચાવ

| અનુ ક્રુ. | આંક સંખ્યા | વર્ણન. |
|---|---|---|
| ૧. | – | – |

ક. ન્યાયાલય આંક

| અનુ ક્રુ. | આંક સંખ્યા | વર્ણન. |
|---|---|---|
| ૧. | – | – |

ડ.ભૌતિક પદાર્થ.

| અનુ ક્રુ. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન. |
|---|---|---|
| ૧. | ૧ | – |

## – ચુકાદો –

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૬/૦૨/૨૦૨૩ ના કલાક ૧૦/૦૦ વાગ્યે ભડભડીયા ગામ હાથબ રોડ પર આ કામના આરોપીએ તેનું મોટર સાયકલ જેના રજી.નં.ડી.એલ.–૯–એસ.બી.એક્સ–૨૦૪૪ નુ પુર ઝડપે અને બેફીકરાઇથી સામેથી ચલાવી આવી એમ મેજીકને ઓવરટેક કરવા જતા ફરીયાદીની સાઇડમાં આવી ઈજા પામનાર સાહેદ નં.૪ ના મોટર સાયકલ રજી.નં. જીજે–૦૪–ઇસી–૧૯૭૦ સાથે અકસ્માત કરી ઈજા પામનાર સાહેદને જમણા હાથે ફેક્ચર તથા મોઢાના ભાગે, હોઠ, નાક તથા કપાળના ભાગે નાની મોટી ગંભીર ઈજા પહોંચાડી ગુન્હો કરેલ. આ બાબતની ફરીયાદ ઘોઘા પોલીસે એ પાર્ટ.ગુ.ર. નં.૧૧૧૯૮૦૨૦૨૩૦૦૯૮/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, એમ.વી. એક્ટ કલમ–૧૭૭ ,૧૮૪ મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરૂદ્ધ આ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં કરવામાં આવેલ છે.

**(૨) આરોપીઓ હાજર થયે કાર્યવાહીઃ–**

ઉપરોક્ત ગુન્હાના કામે આરોપી વિરૂદ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ થતાં તે આધારે આરોપીને સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ, જે સમન્સ/વોરંટ આરોપીને બજી જતા આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા તેને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી આરોપીનું પ્રાથમિક નિવેદન આંક–૦૪ થી લેવામાં આવતાં આરોપીએ ગુન્હા અંગેનો ઇન્કાર કરેલ છે. જેથી સદર કેસની ઇન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર થતાં હાલના કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) હાલના કામે બંન્ને પક્ષે દલીલો સાંભળી.

(૫) કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા.૦૬/૦૨/૨૦૨૩ ના કલાક ૧૦/૦૦ વાગ્યે ભડભડીયા ગામ હાથબ રોડ પર આ કામના આરોપીએ તેનું મોટર સાયકલ જેના રજી.નં.ડી.એલ.–૯–એસ.બી.એક્સ–૨૦૪૪ નુ પુર ઝડપે અને બેફીકરાઈથી સામેથી ચલાવી આવી એમ મેજીકને ઓવરટેક કરવા જતા ફરીયાદીની સાઇડમાં આવી ઈજા પામનાર સાહેદ નં.૪ ના મોટર સાયકલ રજી.નં. જીજે–૦૪–ઈસી–૧૯૭૦ સાથે અકસ્માત કરી ઈજા પામનાર સાહેદને જમણા હાથે ફ્રેક્ચર તથા મોઢાના ભાગે, હોઠ, નાક તથા કપાળના ભાગે નાની મોટી ગંભીર ઈજા પહોંચાડી ગુન્હો કરેલ. ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, એમ.વી. એક્ટ કલમ–૧૭૭ ,૧૮૪ મુજબનો શિક્ષા અને દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

<u>કારણો::</u>–

(૭) પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, એમ.વી.એક્ટ કલમ– ૧૭૭,૧૮૪ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે ત્યારે ઇ.પી.કો.કલમ ૨૭૯ ની નિર્દિષ્ટ કરેલ જોગવાઇ જોવી રહી.

**કલમ–૨૭૯ઃ સરિયામ રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત.**

"જે કોઈ વ્યક્તિ માણસોની જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

(૮) આરોપી પરનો આરોપ ભારતીય ન્યાયશાસ્ત્રનાં સ્થાપિત સિદ્ધાંતો તેમજ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ અન્વયે નિઃશંકપણે સાબિત કરવાનો બોજો પ્રોસીક્યુશન પક્ષે રહેલ છે ત્યારે સદર કામે પ્રોસીક્યુશન પક્ષે જે પુરાવો રજૂ થયેલ છે તે વંચાણે લેવામાં આવે તો, **ફરીયાદી ક્રિપાલસિંહ રતુભા ગોહીલએ આંક–૧૯** થી જુબાની આપેલ છે. જેમા જણાવે છે કે, તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ હું તથા મારો મીત્ર જયપાલસિંહ રમુભા ગોહીલ મો.સા.નં.જી.જે.૦૪.ઈસી.૧૯૭૦ નું લઈ નીકળેલા જયપાલસિંહ મો.સા. ચલાવતા હતા હું પાછળ બેઠો હતો ત્યારે ભડભડીયા ગામના પાટીયા પાસે એક મો.સા.નં. ડી.એલ.૦૯.એસ.બી. એકસ.૨૦૪૪ સાથે દસેક વાગ્યા આસપાસ અકસ્માત થતા જયપાલસિંહને પડી જવાથી ગંભીર ઈજા થયેલ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભાવનગર સર.ટી.હોસ્પીટલમાં સારવાર માટે લાવી દાખલ કરેલા અને તેમની સારવાર કરાવેલી મે આ કામે અકસ્માત કરનાર મો.સા.ના ચાલક સામે પોલીસમાં ફરીયાદ આપેલી. આંક–૨૦ વાળી ફરીયાદમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય બીજું કાઈ બનેલ નહીં. **અકસ્માત કેવી રીતે બનેલો તે હું ચોક્કસ કહી શકું નહી. હું અકસ્માત કરનાર મો.સા.ના ચાલકને ઓળખી શકું નહીં. આજરોજ નામદાર કોર્ટમાં હાજર હોય તો પણ ઓળખી શકુ નહીં.** આમ, ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદને **ફરી ગયેલા સાહેદ** જાહેર કરી સાહેદની ઉલટતપાસ કરવાની પરવાનગી આપતા વીગતવારની ઉલટ તપાસ કરવા છતા સદર અકસ્માત બંન્ને વાહનો વચ્ચે બનેલ હોવા સિચાય ફરીયાદ હકીકતને મદદરૂપ થાય તેવી અન્ય કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

આમ, ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, એવી હકીકત જણાય આવે છે કે, કહેવાતો અકસ્માત મો.સા. નં.જીજે–૦૪–ઈસી–૧૯૭૦ નું અને મો.સા.નં.ડીએલ–૯–એસ.બી.એક્સ–૨૦૪૪ વચ્ચે થયેલ છે. જેમાં જયપાલસિંહને પડી જવાથી ગંભીર ઈજા થયેલ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભાવનગર સર.ટી.હોસ્પીટલમાં સારવાર માટે લાવી દાખલ કરેલા અને તેમની સારવાર કરાવેલી. વધુમાં કહેવાતો **અકસ્માત કેવી રીતે બનેલો તે ફરીયાદી ચોક્કસ કહી શકું નહી તથા અકસ્માત કરનાર મો.સા.ના ચાલકને તેઓ ઓળખતા નથી. આજરોજ નામદાર કોર્ટમાં હાજર હોય તો પણ તેઓ ઓળખી શકે નહીં.** આમ, આરોપીએ જ તેનું મોટર સાયકલ પુર ઝડપે અને બેફીકરાઈથી સામેથી ચલાવી આવી, કહેવાતો અકસ્માત કરી ઈજા પામનાર સાહેદને જમણા હાથે ફેક્ચર તથા મોઢાના ભાગે, હોઠ, નાક તથા કપાળના ભાગે નાની મોટી ગંભીર ઈજા પહોંચાડી હોય તેવું ફરીયાદીની જુબાનીથી ફલિત થતું નથી. વધુમાં ફરીયાદપક્ષે ભોગ બનનાર સાહેદ જયપાલસિંહ રમુભા ગોહીલને આંક–૨૧ થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ કહેવાતા બનાવ બંન્ને મોટર સાયકલ વચ્ચે બનેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ તેઓ પણ પુરવામાં જણાવેલ છે કે, કહેવાતો **અકસ્માત કેવી રીતે બનેલો તે તેઓ ચોક્કસ કહી શકે નહી તથા અકસ્માત કરનાર મો.સા.ના ચાલકને તેઓ ઓળખતા નથી. આજરોજ નામદાર કોર્ટમાં હાજર હોય તો પણ તેઓ ઓળખી શકે નહીં.** આમ, ભોગ બનનારની જુબાની પણ ફરીયાદ હકીકતને સમર્થન આપતી નથી. તથા કહેવાત અકસ્માત હાલના આરોપી પોતાનુ મોટર સાયકલ પુરઝડપે અને બેફિકરાયથી ચલાવી કરેલ હોય અને તેના કારણે ભોગબનનારને કહેવાતી ઈજાઓ થયેલી હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં ફરીયાદીએ **આંક–૨૪** થી ક્લોઝીંગ પુરસીસ આપી જાહેર કરેલ છે કે, આરોપી સાથે ઘરમેળે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ હોય, તેથી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી. તથા વધારાના કોઈ જ સાહેદો તપાસવા માંગતા નથી. તેથી ફરીયાદીને આરોપી સાથે કોઈ તકરાર રહેતી ન હોવાનું જણાય આવે છે. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી હાલનો અકસ્માત આરોપીની કસુરના કારણે બનેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી.

(૯) આમ, ફરીયાદપક્ષે રજુ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી અકસ્માત થયેલ હોવાની હકીકત તથા ભોગબનનાર સાહેદ જયપાલસિંહને ઈજાઓ થયેલ હોવાની

હકીકત જણાઈ આવે છે પરંતુ આ અકસ્માત હાલના આરોપીએ જ આક્ષેપ મુજબ અકસ્માત કરનાર વાહન પુરઝડપે તથા બેદરકારી પૂર્વક હંકારી અકસ્માત કરી ઈજા કરેલ હોય કે અકસ્માત સમયે તેઓની ફરજોનું પાલન કરેલ ન હોય તેવી હકીકત ફલીત થતી નથી.

(૧૦) પ્રસ્તુત કેસમાં આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનાનો આરોપ રહેલ છે. ફરીયાદ હકીકત મુજબ તા.૦૬/૦૨/૨૦૨૩ ના કલાક ૧૦/૦૦ વાગ્યે ભડભડીયા ગામ હાથબ રોડ પર આ કામના આરોપીએ તેનું મોટર સાયકલ જેના રજી.નં.ડી.એલ.–૯–એસ.બી.એક્સ–૨૦૪૪ નુ પુર ઝડપે અને બેફીકરાઇથી સામેથી ચલાવી આવી એમ મેજીકને ઓવરટેક કરવા જતા ફરીયાદીની સાઇડમાં આવી ઈજા પામનાર સાહેદ નં.૪ ના મોટર સાયકલ રજી.નં. જીજે–૦૪–ઈસી–૧૯૭૦ સાથે અકસ્માત કરી ઈજા પામનાર સાહેદને જમણા હાથે ફેક્ચર તથા મોઢાના ભાગે, હોઠ, નાક તથા કપાળના ભાગે નાની મોટી ગંભીર ઈજા પહોંચાડી ગુન્હો કરેલ. પરંતુ ફરીયાદપક્ષ તરફે ઉપરોક્ત તપાસવામા આવેલ ફરીયાદીના પુરાવામા બનાવ સમયે કહેવાતું વાહન હાલના આરોપી ચલાવતા હતા તેવી કોઇ હકીકત જણાવેલ નથી. તેમજ આરોપીનું નામ જણાવેલ નથી કે આરોપીને ઓળખતા નથી. તથા કહેવાતો બનાવ કેવી રીતે બનેલો તેવું ચોક્કસ કહી શકતા નથી. તેમજ પોલીસ દ્વારા તેમના રૂબરૂ કોઇ ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી. આ કામનાં ફરિયાદી ફરીયાદને અનુરૂપ કોઇ હકીકત જણાવતા નથી. તેમજ અકસ્માત કરનાર વાહનના ચાલક હાલના આરોપી જ હતા તેવી પણ કોઇ હકીકત જણાવેલ નથી. તેમજ અકસ્માત આરોપીની ભુલના કારણે જ થયેલ તે બાબતે પણ કોઈ હકીકત જણાય આવતી નથી. આમ, અકસ્માત આ કામના આરોપીએ જ કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. તેથી અકસ્માત કરનાર વ્યક્તિ આ કામના આરોપી જ હતા તેમ માની શકાય નહીં. તેવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આરોપી વિરૂદ્ધ ઇ.પી.કો.કલમ–૨૭૯ મુજબનાં કોઇ આવશ્યક તત્વો રેકર્ડ પર આવેલ નથી. નામદાર સુપ્રિમ કોર્ટનાં એ.આઇ.આર.૧૯૮૮, પેજ ૭૦૯, માધવરાવ જે સીંધીયા વિ. શંભાજીરાવ સી.અન્જરેનાં ચુકાદાનો અભ્યાસ કરતા પારા–૭ મા ઠરાવેલ છે કે, It is also for the court to take into considera tion any special features which apper in a particular case to consider whether it is expedient and

in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilized for any oblique purpose and where in the opinion of the court chances of an ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding een though it may be at a preliminary state. આમ, આ કામના આરોપીની સંડોવણી હોય તેવું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજૂ કરી શકેલ નથી કે એવી કોઇ ક્રમબદ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજૂ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઈ શકે. વધુમાં **સ્ટેટ ઓફ હરીયાણા વિ.શેરસિંઘ, ક્રિ.લો.જ.૨૦૦૯(૧),ક્રાઇમ્સ, પાના નં.૫ (એસ.સી)નાં** ચૂકાદામાં નામદાર એપેલેટ કોર્ટે એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, ઇ.પી.કો.ક.૨૭૯ ના ગુનામાં જ્યારે, ફરીયાદપક્ષનાં સાહેદ અકસ્માત સર્જનાર વાહનનો ચાલક પૂરઝડપે અને બેદરકારીભરી રીતે વાહન ચલાવતો હતો તેવી હકીકત પુરવાર ન કરે ત્યારે, તેવા સંજોગોમાં, આરોપીને સજા થઇ શકે નહીં. જેથી આરોપીને ગુના સાથે સાંકળતો કોઈ સાંયોગીક પુરાવો પણ મળી આવતો નથી. તેવા સંજોગોમાં તથા કથિત અકસ્માત કરનાર વાહનનાં ચાલક આ કામનાં આરોપી હતાં અને તેઓ પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે પોતાનુ વાહન હંકારીને આવેલ અને ફરીયાદી તથા ભોગબનનારના વાહન સાથે આરોપીએ પોતાનુ વાહન ભટકાડી તેઓને ઈજા કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ ના ગુનાની કલમો મુજબના તત્વો પુરવાર કરવામા અથવા તે મુજબનો પુરાવો રજુ કરવામા સફળ રહેલ નથી જેથી ફરીયાદ પક્ષ તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે. તે તમામ સંજોગો ધ્યાને લઇ **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–//<u>આખરી હુકમ</u>//–**

- આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા મોટર વ્હીકલ્સ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઇ મુજબ વધૂ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–**૩૦** મી માહે–**જુન** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૬/૨૦૨૬
સ્થળઃ ઘોઘા

**(અનમોલ શ્યામસુંદર ગોયલ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઘોઘા,જિ.ભાવનગર
(યુનિક જજ કોડ જીજે.૦૧૬૨૨)

એ.આર.મકવાણા